## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હે રણછોડ રાય. આ છેલ્લી જન્માષ્ટમીમાં રમવાનું રાખીએ : છીએ... આવતા વર્ષોમાં જુગાર પર જી.એસ.ટી લાગશે પછઈ ક્યારેય પત્તાને હાથ નહી લગાડીએ...!!

# કેનાલમાં મોતની છલાંગ લગાવનાર વ્યકિતનો એસઆરપી જવાને જીવ બચાવ્યો

**નાઈટ ડ્યુટી કરીને ઘરે જઈ રહેલા જવાને કેનાલ પાસે નાગરીકોની ભીડ જોઈ ગાડી ઉભી રાખી, ડુબી રહેલા વ્યકિતનો જીવ બચાવવા જવાને કેનાલમાં કુદકો માર્યો, જવાનની પ્રસંશનીય કામગીરી**

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર અડાલજ કેનાલમાં ડુબી રહેલા આધેડનો એસઆરપી જવાને જીવ બચાવ્યો હતો. નાઈટ ડ્યુટી કરી ઘરે જઈ રહેલા જવાનને કેનાલમાં કોઈ વ્યકિત કેનાલમાં પડ્યો હોવાની જાણ થતા સહેજપણ વિચાર કર્યા વિના બચાવવા માટે કેનાલમાં કુદકો માર્યો હતો. કેનાલમાં સામેના પ્રવાહમાં તરીને ઝાંબાજ જવાને જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા વ્યકિતને ભારે જહેમતબાદ હેમખેમ બહાર નીકાળ્યા હતા. ત્યારે કેનાલ પર હાજર સૌ કોઈ વ્યકિતએ એસઆરપી જવાનની કામગીરીને બિરદાવી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર અડાલજ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં આજે સવારના સમયે એક આધેડ વયના વ્યકિતએ કુદકો માર્યો હતો. જેને પગલે કેનાલ ખાતે નાગરીકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. ત્યારે કેનાલમાં કુદકો મારનાર વ્યકિત ઉંડા પાણીમાં ગરકાવ થતા જીવન-મરણ ઝોલા ખાઈ રહ્યો હતો. પરંતુ કેનાલ પર ઉભા રહેલા વ્યકિતઓમાંથી કોઈ પણ એક વ્યકિતની કેનાલમાં પડવાની હિંમત ચાલી ન હતી. આ સમયે મહેસાણા એસઆરપીએફ ગ્રુપ-૧૫ ના જવાન પ્રવિણભાઈ દેવશીભાઈ ભરવાડ ચાંદખેડા



ઓએનજીસી નાઈટ પેટ્રોલીંગ કલોલ વિસ્તારની ફરજ પરથી કેમ્પ ખાતે જઈ રહ્યા હતા. તે સમયે અડાલજ-ઝુંડાલ કેનાલ ખાતે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થયેલા જોઈને ગાડી રોકી હતી. કેનાલમાં કોઈ વ્યકિતએ જાળી કુદીને પડતુ મુક્યુ હોવાની જાણ થઈ હતી. કેનાલમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી કોઈએ અંદર પડવાની હિંમત કરી ન હતી. જયારે કેનાલમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાનાર વ્યકિતને જોઈ એસઆરપી જવાન પ્રવિણભાઈએ પળવારનો પણ વિલંબ કર્યા વિના કેનાલમાં બચાવવા માટે ઉતર્યા હતા.

તે સમયે રેસ્કયુ ટીમે દોરડુ પકડી રાખ્યું હતું. જયારે પ્રવિણભાઈએ પાણીના સામેના પ્રવાહમાં તરીને ડુબનાર વ્યકિત પાસે પહોંચતા જ દોરડુ ફેંક્યુ હતું. પરંતુ દોરડુ ડુબનાર વ્યકિતના હાથમાં આવ્યુ ન હતું અને માત્ર તેના બે હાથ જ દેખાતા હતા. ત્યારે જવાને દોરડાનો ગાળીયો કરી ફેંકતા ડુબનાર વ્યકિતના હાથ ગાળીયામાં ફીટ આવી ગયા હતા. જેથી પ્રવિણભાઈએ કેનાલમાં તરતા તરતા પાળી સુધી આવી ગયા હતા. જયારે તેમની પાછળ ડુબનાર વ્યકિત ને પણ બહાર નીકાળી નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જયારે નાઈટ ડયુટી કરીને ઘરે જઈ રહ્યા હતા. તે સમયે કેનાલમાં કોઈ પડ્યું હોવાની જાણ થતા તેઓ કેનાલમાં પડ્યા હતા.એક વ્યકિતનો જીવ બચી ગયો તે ખુબ જ મહત્વનું છે તેમ કહી તેઓએ કેનાલ પરથી વિદાય લીધી હતી.

## ખૂણેખાંચરેથી

● કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આજે નારદીપુર આવી રહ્યા હોવાથી જિલ્લાની ટીમે નારદીપુરની મુલાકાત લીધી હતી.

● જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય ત્રણ દિવસની રજા પર જતાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

● આજે ઔડાની બોર્ડ બેઠક અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે હાજરી આપી હતી.

● ગાંધીનગર શહેરમાં હળવા વરસાદી ઝાપટાને પગલે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા છે.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો મોડી ચાલુ થતી હોવાથી અને સવારે વહેલી બંધ થઈ જતાં નગરજનોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

● પર્વોના માહોલ વચ્ચે ગાંધીનગર શહેરમાં મુલાકાતીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળે છે.

● કેન્દ્રીય ગૃહમંત્રીના આજના કાર્યક્રમને લઈ તંત્રએ તેની તૈયારી માટે ૧૫ જેટલી ટીમો બનાવી છે જેની આજે ઈન્ચાર્જ કલેક્ટર સુશ્રી સુરભિ ગૌત્તમે બેઠક લીધી હતી.

● મેયર હિતેશ મકવાણા અને મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે આજે ઢોર ડબ્બાની મુલાકાત લીધી હતી અને સમીક્ષા કરી રિપેરીંગની કામગીરી માટે સૂચનાઓ આપી હતી.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં જન્માષ્ટમી પર્વને લઈ કૃષ્ણમય માહોલ સર્વત્ર વ્યાપેલો જોવા મળી રહ્યો છે.

## શિહોલી મોટી ખાતે સ્વતંત્ર સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર જિલ્લા ના શિહોલી મોટી ગામે ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી દરમ્યાન આજે તિરંગો લહેરાવી તેને સલામી આપી હતી. આ અવસરે, દેશની આઝાદી માટે જીવન સમર્પિત કરનાર સૌ સ્વાતંત્ર્ય સેનાનીઓનું પુણ્ય સ્મરણ કરી તેમને વંદન પાઠવ્યા.અને ગામ ના સરપંચ શ્રી પરબતજી ઠાકોર દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો.ગામ ના આગેવાન કિશાન મોરચા ના પ્રમુખ શ્રી અતુલભાઈ પટેલ અને માજી સરપંચ શ્રી ફુલાજી ઠાકોર અને કનુજી ઠાકોર આ અવસરે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોએ સમગ્ર વાતાવરણને દેશભક્તિની ઊર્જાથી ભરી દીધું હતું.

## ચિલોડા મોટા ઓમ લેન્ડ માર્ક સંકુલમાં ૭૬ મા સ્વાતંત્ર્ય દિવસ ઉમંગ ભેર ઉજવાયો

ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આયોજિત ૧૫ મી ઓગસ્ટ ના રોજ ઋષિ મનાતા આત્મા પ્રોજેક્ટના પૂર્વ ચેરમેન શાંતિભાઈ લાલજીભાઈ પટેલ શિવપુરા કંપાવાળા ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો આ પ્રસંગે બીએસએફના ઓફિસરો અને તેમના જવાનો તથા મેનેજિંગ ટ્રસ્ટી ડોક્ટર અશોક રાવલ ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ સુનિલ રાવલ કેપિટલ નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ માસનીલ બીએસસી કોલેજના પ્રિન્સિપાલ જલ્પા રાવલ, રાજયોગીની તારા દીદી અને પીએલવી નટુભાઈ પટેલ મહાનુભાવો ની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો તેમજ શિક્ષક દ્વારા દેશભક્તિ ગીત ગાયા હતા અને મહાનુભાવોને ભેટ અર્પણ કરવામાં આવી હતી...

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સ્વાતંત્ર્યતા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા ૧૫મી ઓગષ્ટની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યોગ કોચ યોગ કોર્ડીનેટર ભાવના જોષી ઉપરાંત તમામ યોગ કોચના સહયોગથી ભવ્ય કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં યોગી ભાઈઓ-બહેનોએ દેશભક્તિના ગીતો અને ડાન્સ પરફોર્મન્સ કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી ઉત્સાહભેર રાષ્ટ્રીય તહેવારની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન વોર્ડના કોર્પોરેટર છાયાબેન ત્રિવેદી, સંજય થોરાત, અશ્વિનભાઈ દવે, હરેશ પટેલ, મુકેશભાઈ શુકલ ઉપસ્થિત રહ્યા હતા.

# પેથાપુર ગલુદણમાંથી ૧૬ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં શ્રાવણીયા જુગારની સીઝન પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યું છે. જુગારીઓ એકાંત સ્થળ મળતા જ બાજી માંડીને બેસી જાય છે.

ત્યારે પોલીસ પણ ખેલીઓને પકડવા માટે ઠેરઠેર પાડી રહી છે. ત્યારે ગલુદણ ગામના રોહિત વાસ અને બાળમંદિર પાસે તેમજ પેથાપુરના ઓડવાસમાં જાહેરમાં જુગાર રમતા કુલ-૧૪ ખેલીઓને પોલીસે રૂ.૧૨,૭૪૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ગલુદણ ગામના રોહિતવાસ ખાતે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે તેવી બાતમી પોલીસને મળી હતી.

જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર રેઈડ પાડી જુગાર રમી રહેલા ચાર જુગારીઓને દાવ પરથી રૂ.૧૮૦ અને અંગજડતી દરમિયાન રૂ.૧૫૦૦ મળી કુલ રૂ.૧૬૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે ગલુદણ ગામના બાળમંદિર પાસે ખુલ્લી જગ્યામાં કુંડાળુ વળીને બેઠેલા બે જુગારીઓને પોલીસે દબોચી લીધા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તો બીજીતરફ પેથાપુરના ઓડ વાસ ખાતે ખુલ્લામાં જુગારની બાજી માંડીને બેઠેલા ખેલીઓને પોલીસે ઝડપી પાડ્યા છે.

પોલીસને જોઈ જુગારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. પરંતુ તમામ જુગારીઓનો પોલીસે કોર્ડન કરી પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૦,૨૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ગલુદણ થી પકડાયેલા જુગારી

- વિક્રમસિંહ અમરસિંહ ગોહિલ (રહે. મકાન નં.૪૫૫-૧ બી સેકટર-૧૨સી),
- કનુભાઈ શનાભાઈ પરમાર (રહે.રોહિતવાસ ગલુદણ ગામ)
- પ્રતાપજી ભલાજી ઠાકોર (રહે. રબારીવાસ ગલુદણ ગામ)
- અજયકુમાર બાબુલાલ સોલંકી (રહે.સેકટર-૧૩ પારીજાત એપાર્ટમેન્ટ)
- સુરેશભાઈ ભીખાભાઈ દંતાણી ( રહે.ટાંકીવાળોવાસ ગામ-ગલુદણ)
- લાલાજી બાબુજી ઠાકોર (રહે. ટેકરાવાળો વાસ ગામ -ગલુદણ)

### પેથાપુર ઓડવાસમાંથી પકડાયેલા જુગારીઓ

- અરવિંદ છોટાભાઈ ઓડ, જીતેન્દ્ર મથુરભાઈ બેલદાર, વિપુલ શામળભાઈ ઓડ, જીગ્નેશ ગોવિંદભાઈ ઓડ, સુરેશ નાનુભાઈ ઓડ, બ્રિજેશ ભરત ઓડ, અનિલ રમેશ ઓડ, અજીત લાલજી ઓડ, નયન ચંદુભાઈ ઓડ, ગજુ કરશનભાઈ દંતાણીનો સમાવેશ થાય છે.

# કોલવડા હત્યા પ્રકરણમાં નગરસેવિકાના પતિની સંડોવણી સામે આવી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના કોલવડા ગામે આજથી ચાર દિવસ અગાઉ આર્યુવેદિક હોસ્પિટલ નજીક ચરામાં હનુમાનજીના મંદિર પાસે ઓરડી આગળ દિલિપસિંહ વાઘેલાને ગોળી મારી તિક્ષ્ણ હથીયારના ૧૦ જેટલા ઘા મારી કરાયેલી નિર્મમ હત્યાનો ભેદ એલસીબી પોલીસે ગણતરીના સમયમાં ઉકેલી નાંખી આરોપીઓ પૈકી એક આરોપીને પકડી પાડ્યો છે. ત્યારે આ હત્યા પ્રકરણમાં ગાંધીનગર મહાનગર પાલિકાના નગર સેવિકાના પતિની સંડોવણી સામે આવી છે. જયારે મુખ્ય સુત્રધાર ઘનશ્યામસિંહ વાઘેલા ઉર્ફે જમાદારે અંગત અદાવતમાં દિલિપસિંહના પિતરાઈ ભાઈને રૂ.૨૦ લાખની લાલચ આપી ટીપ મેળવી માણસાની ત્રિપુટીને સોપારી આપી હત્યા કરાવી હોવાનું એલસીબીની તપાસમાં સામે આવ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોલવડા થી આર્યુવેદિક હોસ્પિટલ તરફના માર્ગ પર હનુમાનજી મંદિર પાસે આવેલી ઓરડી આગળ વૃક્ષ નીચે દિલિપસિંહની ગોળી મારી છરાના ઘા મારી ઢીમ ઢાળી દીધુ હતુ. આ હત્યાને પગલે કોલવડા ગામ અને શહેરમાં ચકચાર મચી જવા પામી હતી. પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાતા જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલની સીધી સુચનાને પગલે પોલીસની વિવિધ ટીમો તપાસમાં લાગી હતી. એલસીબી પીઆઈ એચ.પી.ઝાલા અને પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એમ.એસ.રાણા વિવિધ દીશામાં તપાસની કામગીરી શરુ કરી હતી. જેથી બનાવ સ્થળની આસપાસના સીસીટીવી ફુટેજ ચેક કરતા મરનાર દિલિપસિંહને જુગાર રમવા માટે પત્તાની કેટ આપવા આવનાર શખ્સ કોલવડાનો ધર્મેન્દ્રસિંહ ઉર્ફે કાળીયો વિક્રમસિંહ વાઘેલા (રહે.કોલવડા) હોવાનું બહાર આવ્યું હતું. તેની પાછળ એક સ્વીફટ ડીઝાયર ગાડી પણ શંકાસ્પદ હાલતમાં જોવા મળી હતી. જેથી પોલીસે ધર્મેન્દ્રસિંહની પુછપરછ કરતા તે ભાંગી પડ્યો હતો અને જણાવ્યું હતું કે આજ થી ત્રણેક માસ પહેલા દિલિપસિંહે અમારા ગામના જમાદાર ઘનશ્યામસિંહ વાઘેલાને અંગત અદાવતને પગલે માર માર્યો હતો. બદલો લેવા માટે જમાદરો મરનાર દિલિપસિંહના પિતરાઈ ભાઈ ધર્મેન્દ્રસિંહને એક મહિના પહેલા બોલાવ્યો હતો. તે સમયે તેની સાથે પ્રભાતજી સુખાજી ડાભી, (રહે ડાંગરવા), હતો. દિલિપસિંહને બોર કુવા પરથી કોઈપણ રીતે બહાર લાવવા અને મદદ કરવા માટે તેને રૂ.૨૦ લાખની લાલચ આપી હતી. તો બીજીતરફ ધર્મેન્દ્રસિંહના પિતાને પણ દિલિપસિંહ ગાળાગાળી કરતા હતા અને કૌટુમ્બીક ઝઘડા ચાલી રહ્યા હતા. જેથી તે એકલો કંઈ કરી શકે તેમ ન હતો તે મદદ કરવા તૈયાર થઈ ગયો હતો. જયારે જમાદાર તેમજ પ્રભાતજી ડાભી ધર્મેન્દ્રસિંહને મળવા માટે બોલાવતા અને કાળી ગાડીમાં વિવિધ જગ્યાએ બેઠક કરતા હતા. ત્યારે રક્ષાબંધનના દિવસે સ્વીફટ ડીઝાયર ગાડીમાં પ્રભાતજી ડાભી, વિપુલ ઠાકોર અને પ્રકાશ બારોટ આવ્યા હતા. તે દિવસે દિલિપસિંહે ધર્મેન્દ્રસિંહને ફોન કરીને ગામમાંથી બે પત્તાની કેટ, સીગરેટનુ પેકેટ તેમજ ચવાણુ આપી જવા માટે કહ્યું હતું. જેથી તે ચીજવસ્તુ આપવા માટે ધર્મેન્દ્રસિંહ ગયા હતા તેમની

પાછળ ત્રણેય જણાએ જઈ ફાયરીગ કરી છરાના ઘા મારી ગાડી લઈ નાસી ગયા હતા. ત્યારે ગાડી પોલીસને નારદીપુર પાસેથી મળી આવી હતી. પોતાની અંગત અદાવતને પગલે જમાદારે દિલિપસિહના પિતરાઈ ભાઈ ધર્મેન્દ્રસિંહની મદદ લઈ માણસાની ત્રિપુટીને હત્યાની સોપારી આપતા દિલિપસિંહની હત્યા કરાઈ હતી.

### આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ

પ્રભાતજી સુખાજી ડાભી, વિપુલ ઠાકોર, અને પ્રકાશ બારોટ ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. જેમાં પ્રભાતજી સામે મહેસાણા અને કડી પોલીસ મથકે ખુનનો ગુનો નોંધાયેલ છે.જયારે પ્રકાશ ઉર્ફે ગઠીયો ઉર્ફે રઘો વિઠલજી બારોટ સામે અડાલજ,અસલાલી, તલોદ,આણંદ, રાજકોટ અને મહેસાણા પોલીસ મથકે લુંટ વીથ ફાયર આર્મ્સના ગુના નોંધાયેલા છે. જયારે પ્રકાશ બારોટ હાલ પેરોલ જમ્પનો આરોપી છે. તેની સામે રાણીપ ખાતે ગુનો પણ નોંધાયેલ છે.

હત્યા માટે ઉપયોગમાં લેવાયેલી ગાડી માટે જમાદારે રૂપીયા આપ્યા કોલવડાના દિલિપસિંહ વાઘેલાની હત્યા પ્રકરણમાં એક આરોપી ઝડપાઈ ગયો છે. ત્યારે મુખ્ય સુત્રધાર જમાદાર સહિત અન્ય આરોપીઓ પોલીસ પકડથી બહાર છે. ત્યારે દિલિપસિંહની હત્યા સમયે ઉપયોગમાં લેવાયેલી સ્વીફટ ડીઝાયર કાર લેવા માટે જમાદારે રૂપીયા આપ્યા હોવાની વિગતો સામે આવી છે.

# સેકટર-૪ એ ઘર પાસે પાર્ક કરેલા સ્પ્લેન્ડર બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૪ એ ઘરની સામે દિવાસ પાસે પાર્ક કરેલા હીરો હોન્ડા બાઈકની ચોરી થતા યુવકે રૂ.૪૦ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાયો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કરશનપુરા ટીંટોડા ખાતે રહેતા૩૨ વર્ષિય નગીનજી ભીખાજી ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે. જયારે નગીનજી ઠાકોર સેકટર-૪ એ પ્લોટ નં.૧૦૧૩-૨ ખાતે રહેતા ડો.પરાગસિંહ ગોહિલના ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. ત્યારે ગત તા. ૧૨ ઓગસ્ટના રોજ નગીનજી નિત્યક્રમ મુજબ નોકરી પર આવ્યા હતા અને ડોકટરને લઈને ઝાયડસ હોસ્પિટલ અમદાવાદ ખાતે ગયા હતા. નગીનજી નોકરી પર હાજર હતા, તે સમયે સાંજના ૪ વાગ્યાના અરસામાં નગીનજીના પત્નિનો ફોન આવ્યો હતો અને દાદીનું મૃત્યું થયુ છે. જેથી તમે તાત્કાલીક ઘરે આવી જાવ. જેને પગલે ડોકટરને જાણ કરી નગીનજી ખાનગી વાહનમાં ઘરે પહોંચી ગયા હતા. જયારે તેઓનુ બાઈક ડોકટરના ઘરે પાર્ક કરેલુ હતું. દાદીના મરણની સમાજના રીત રીવાજ મુજબ વિધી પુરી થઈ ગયા પછી ગત તા.૧૬ ઓગસ્ટના રોજ સવારે ૮ વાગે નોકરી પર હજાર થતા ડોકટરના ઘર પાસે પાર્ક કરેલ જગ્યાએ બાઈક જણાયુ ન હતું. જેથી નગીનજી એ બે દિવસ સુધી બાઈકની શહેરના વિવિધ વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પરંતુ બાઈક મળી આવ્યુ ન હતું.

જેથી યુવકે રૂ.૪૦ હજારના બાઈક અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાવતા વધુ તપાસ હાથ ધરી છે.

# રાષ્ટ્રપ્રેમના રંગે રંગાયેલા પાટનગરવાસીઓને હજુ તિરંગો ઉતારવાનું મન નથી થતું..!

**શહેરમાં ''હર ઘર તિરંગા'' અભિયાન અંતર્ગત અભૂતપૂર્વ જુવાળ જોવા મળ્યો : હજુ પણ અનેક ઘરો-મકાનો-દુકાનો-વાહનો પર તિરંગો લહેરાઈ રહ્યો છે**

ગાંધીનગર, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતની સ્વતંત્રતાના ૭૫ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે ''આઝાદીના અમૃત મહોત્સવ'' અંતર્ગત દેશવાસીઓને તા. ૧૩થી ૧૫મી ઓગષ્ટ દરમ્યાન પોત પોતાના ઘર, મકાનો, દુકાનો કે ઓફિસના સ્થળે ''હર ઘર તિરંગા'' અભિયાન હેઠળ રાષ્ટ્રધ્વજ ફરકાવવા આહ્વાન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનના આ આહવાનને સમગ્ર ગાંધીનગરવાસીઓએ ભારે ઉમંગ અને ઉત્સાહથી આવકારી પોતાના ઘર-મકાનો-દુકાનો તેમજ ઓફિસ ઉપરાંત વાહનો પર પણ તિરંગા ફરકાવ્યાં હતા તેમજ ઠેર ઠેર તિરંગા યાત્રાઓ યોજીને આઝાદીના અમૃત મહોત્સવને રંગેચંગે ઉજવ્યો હતો. પાટનગરવાસીઓએ આ અભિયાનમાં રાષ્ટ્રધ્વજ ફરકાવીને એટલો ગર્વ અને અહોભાવ અનુભવ્યો હતો કે હજુ પણ અનેક નાગરિકોએ તેમણે ફરકાવેલા રાષ્ટ્રધ્વજ ઉતાર્યા નથી.

અંગ્રેજોના શાસનમાંથી ભારતને મુક્તિ મળ્યાંના ૭૫ વર્ષ પૂર્ણ થવાનો હરખ ગાંધીનગરના નાગરિકોના હૈયે ઉમળકો બનીને ઉભરી રહ્યો છે. શહેરમાં નાના બાળકોથી માંડીને વડીલો સુદ્ધાં આ પ્રસંગે ગર્વ અને સ્વાભિમાનથી તરબરતર થઈને ભારતમાતાનો જય જયકાર કરી રહ્યાં છે તેમજ ''હર ઘર તિરંગા'' અભિયાન હેઠળ રાષ્ટ્રધ્વજ તિરંગાના રંગે રંગાઈ ગયાં છે. આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે આવેલા સ્વાતંત્ર્ય પર્વનો આનંદ નાગરિકોમાં એટલો બધો જોવા મળી રહ્યો છે કે આજે તા. ૧૫મી ઓગષ્ટ પસાર થયાંને ત્રણ દિવસ થયાં છતાં નાગરિકોને પોતાના ઘરો-મકાનો કે દુકાનો-વાહનો પર ફરકાવેલા રાષ્ટ્રધ્વજ તિરંગાને ઉતારવાનું મન થતું નથી. આવો રાષ્ટ્રપ્રેમ દેશની સ્વતંત્રતા ચળવળ બાદ પહેલીવાર જોવા મળ્યો છે તેવું અનેક વરિષ્ઠ નાગરિકોનું કહેવું છે અને આ એક અભૂતપૂર્વ માહોલ સર્જાયો છે.

## સેકટર-૨૧ જીમખાનાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૮

ઓલ ઈન્ડિયા અંડરવોટર સ્પોર્ટસ દ્વારા આયોજીત પાંચમી ઓલ ઈન્ડિયા ફીન્સ સ્વીમિંગ ફેડરેશન કપ-૨૦૨૨નું આયોજન ઈન્દોર, મધ્યપ્રદેશ ખાતે તા. ૪-૮-૨૨ થી ૭-૮-૨૨ દરમિયાન યોજાઈ હતી. આ સ્પર્ધામાં જીમખાના સેક્ટર-૨૧ના સભ્યો તથા કોચ મનીષાબેન ત્રિપાઠીએ ૨૦૦ એમ.બીઆઈ. ફીન્સમાં ગોલ્ડમેડલ, ૧૦૦ એમ.બી.આઈ ફીન્સમાં સીલ્વર મેડલ, ૫૦ એમબીઆઈ ફીન્સમાં સીલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. તૌફીક વી. મેમણે ૫૦ મી. અંડર વોટરમાં ગોલ્ડમેડલ, ૫૦ એમ.બીઆઈ ફીન્સમાં ગોલ્ડમેડલ, ૧૦૦ એમ.બી.આઈ ફીન્સમાં ગોલ્ડમેડલ, ૫૦ એમ.બીઆઈમાં મોનોફીન્સમાં ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો હતો. શ્રીમતિ અલમાસ તૌફીક મેમણે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમણે ચોથો ક્રમ પ્રાત કર્યો હતો. આ બદલ જીમખાનાના મેનેજર જીતુભાઈ, મુખ્ય કોચ કે.જી. ભગત તથા રામભાઈ પરમારે તેઓને અભિનંદન પાઠવ્યા હતા.

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**
વર્ષ-૨૦૨૨-૨૩
**ગાંધીનગર મહાનગરપાલિકા**
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૮૧/૨૦૨૨-૨૩ | Construction of Rematorium at Randheja, Pethapur for Gandhinagar Municipal Corporation at Gandhinagar | રૂ. ૬,૦૦૦/- | રૂ. ૩,૮૪,૫૩૫/- |

ટેન્ડર ફોર્મ તા ૨૨/૮/૨૦૨૨ થી તા. ૧૨/૯/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocurecom પરથી જાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૧૩/૯/૨૦૨૨ થી તા ૨૦/૯/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા ૨૦/૯/૨૦૨૨ના રોજ ૧૭:૩૦ કલાકે કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૧૪૯/૨૨-૨૩